નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/ ૩૭
જી.આ.ઇ.ડી.સી.,
વડી કચેરી, ગાંધીનગર
તા.૨૭/૧૨/૨૦૧૮.

## // પરિપત્ર //

વિષય:- નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ ૫૦,૦૦૦ ચો.મી. સુધીની ઔદ્યોગિક મિલ્કતોના ઉપયોગની સમયમર્યાદા બાબત.

સંદર્ભ:- ૧. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી /૩૬, તા. ૨૮/૦૪/૨૦૧૬
૨. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ /પોલીસી/૫૪, તા. ૩૦/૦૯/૨૦૧૬

નિગમ દ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવાની સમયમર્યાદા બાબતે નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/૩૬, તા. ૨૮/૦૪/૨૦૧૬ અમલમાં છે. જેમાં મિલ્કતોને તેના વિસ્તારને ધ્યાને લઇ, મિલ્કતોના ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવાની સમયમર્યાદા ૩ વર્ષ થી ૫ વર્ષ છે.

નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ ૫૦,૦૦૦ ચો.મી. સુધીની ઔદ્યોગિક મિલ્કતોના ઉપયોગની સમયમર્યાદા બાબતે કાર્યસૂચિ ક્રમાંક: ૧૫/પો.વિતરણ/૫૦૨/૨૦૧૮, નિગમની સભા સમક્ષ સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ દ્વારા થયેલ ઠરાવ ક્રમાંક:૫૯/પો.વિતરણ/૫૦૨/૨૦૧૮ અન્વયે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

- નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/૩૬, તા. ૨૮/૦૪/૨૦૧૬ માં જણાવેલ સમયમર્યાદામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| મિલ્કતનો વિસ્તાર (ચો.મી) | ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગે સમયમર્યાદા |
|---|---|
| ૧,૦૦,૦૦૦ સુધી | ૪ વર્ષ |
| ૧,૦૦,૦૦૧ થી વધુ | ૫ વર્ષ |

(૧) આ નીતિ હવે પછી ફાળવવામાં આવતા ઔદ્યોગિક મિલ્કતોના કિસ્સામાં લાગુ પડશે.

(૨) આ નીતિ તા. ૦૧/૧૨/૨૦૧૫ અને ત્યારબાદ ફાળવણી થયેલ ૩૦૦૦ ચો.મી. સુધીના વિસ્તાર ધરાવતા ઔદ્યોગિક મિલ્કતના કિસ્સાને પણ લાગુ પડશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

-સહી-
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ,

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)